

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH





તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૪
અંક ૪

માહ
સં. ૨૦૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ


| | | |
|---|---|---|
| ૧ ગુણદૃષ્ટિ | ( અભ્યાસી ) | ૪૯ |
| ૨ પુસ્તક | ( ,, ) | ૫૦ |
| ૩ સ્વપ્નસૃષ્ટિ | ( અમરચંદ માવજી શાહ ) | ૫૦ |
| ૪ પૂજન : વીતરાગ પ્રભુનું કે લક્ષ્મીનું ? | ( શ્રી બાલચંદ હીરાચંદ “ સાહિત્યચંદ્ર ” ) | ૫૧ |
| ૫ ચતુર્દશીનું મંગળ પ્રભાત | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૫૪ |
| ૬ સત્તરભેદી પૂજા–સાર્થ: ૨ | ( પં. રામવિજયજી ગણિવર ) | ૫૭ |
| ૭ ધર્મનો સ્તંભ | ( અનુ. વિ. મૂ. શાહ ) | ૬૧ |
| ૮ ડૉ. ફ્રાવેલનર અને નયચક્ર | | ૬૪ |
| ૯ સ્વીકાર | | ટા. પે. ૨ |


## સ્વીકાર

**નિશ્ચય વ્યવહાર :**—લેખક મુનિ શ્રી ભાનુવિજયજી મહારાજ, પ્રકાશક : દિવ્યદર્શન કાર્યાલય, કાળુશાની પોળ–અમદાવાદ, ફુલ્સેસ. ૧૬ પેજી, પૃષ્ઠ ૩૪૦ મૂલ્ય રૂા. બે.

“ નિશ્ચય અને વ્યવહાર, આત્મસાધનાના રથના આ બે પૈડા, એમાંથી એક ચક્ર ન હોય તો રથ ચાલી ન શકે, બંનેની એટલી જ ઉપયોગિતા છે ” આ મંતવ્યને અનુલક્ષીને આ પુસ્તિકામાં ઘણું લાંબું વિવરણ લેખકે કર્યું છે અને કાનજીસ્વામીના નવા નિશ્ચયવાદના સ્થાપેલ મત સામે આમાં વિસ્તારથી જવાબ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત આત્માની ઉન્નતિ અને અવનતિનો ઇતિહાસ પણ આમાં આપવામાં આવ્યો છે.

પસંદ કરેલ વિષયને ન્યાય આપવા માટે લેખકે સારો પ્રયાસ કર્યો છે. રચનાત્મક દૃષ્ટિએ વધુ સૌમ્ય ભાષાશૈલી આવા સાહિત્યને વધુ સફળ બનાવી શકે,

**શ્રીમદ્વિજયમેઘસૂરીશ્વરજી** : મહારાજનું જીવનચરિત્ર લે. મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ. પ્રકાશક : શા ચંદ્રકાન્ત બકુભાઇ ઠે. જહાંપનાહના પોળ–અમદાવાદ, ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૬૪, મૂલ્ય ભેટ

સ્વ. આચાર્ય વિજયમેઘસૂરીશ્વરજી મહારાજનું જીવનચરિત્ર ગદ્ય અને પદ્યમાં આ ટ્રેક્ટમાં રજૂ કરેલ છે.

**પ્રભુ મહાવીર–જીવન સૌરભ ૨) દીક્ષાનો દિવ્ય પ્રકાશ,** લેખક પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી. ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ અનુક્રમે ૧૧૦–૮૦ મૂલ્ય રૂા. ૧–૪–૦ તથા રૂા. ૧–૦–૦

(૧) બાળજીવો સમજી શકે તેવી સરળ ભાષામાં ભગવાન મહાવીરનું જીવનચરિત્ર આ ટ્રેક્ટમાં રજૂ કરવામાં આવેલ છે. ભગવાનના સત્તાવીશ ભવો–પાંચ કલ્યાણકો–ઉપસર્ગો–તપશ્ચર્યા–વગેરે પ્રસંગોનું સંક્ષિપ્ત વર્ણન આમાં રજૂ કરવામાં આવેલ છે.

૨ દીક્ષાનો આદર્શ–તેના પ્રકારો અને લાયકાતના પ્રકારો વગેરેની ટુંકી નોંધ તેમજ સગીર દીક્ષાના સમર્થનની કેટલીક વિગતો આમાં રજૂ કરવામાં આવેલ છે.

**શ્રી આનંદ–ચન્દ્ર–સુધાસિન્ધુ :**–સંશોધક અને સંપાદક આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ, પ્રકાશક શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ ઠે. ચીમનલાલ સવાઇચંદ સંઘવી–ગોળશેરી–ગળે મંડી–સુરત ક્રા. ૮પેજી પૃષ્ઠ ૧૧૮ : મૂલ્ય રૂા. ૨–૮–૦

આગમોદ્ધારક સ્વ. આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે આપેલ દેશનાનો સારભાગ જે સિદ્ધચક્ર માસિકમાં પ્રગટ કરવામાં આવેલ છે તેમાંથી ૧૬ દેશનાઓનો ગુચ્છ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે. પ્રત્યેક પ્રવચનો ઉંડા અન્વાદ્યો ભર્યા છે. પુસ્તકનું મૂલ્ય પ્રમાણમાં જરા ઓછું રાખવામાં આવે તો તેનો પ્રચાર સારો થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : માહ [ અંક ૪

# ગુણદૃષ્ટિ

જો ચઢવાની ઇચ્છા હોય તો ગુણ જો. પડવું હોય તો દોષ જો. જેવું જોઇશ તેવું પામીશ. પવિત્ર વસ્તુ પેખીશ તો પવિત્ર થઈશ માટે તારી આસપાસ પવિત્ર વસ્તુ રાખ. ખરાબમાં પણ સારું જોવાનો પ્રયત્ન કર જેથી તને અપવિત્ર દર્શનનું નુકશાન થવા પામે નહિ. શ્રી કૃષ્ણ મહારાજ એક સર્વાંગ વ્યાધિગ્રસ્ત શ્વાનમાં તેના મુખની નિબિડ અવિરલ દંતાવળી જોઇને સાનંદાશ્ચર્ય પામ્યા હતા, તેનો દાખલો લે. દોષ જોવાથી નિર્મલ આત્મા કલુષિત થાય છે; લઘુતા આવે છે. મનને દોષ જોવાનો અવકાશ મળે તે કેટલું હલકું મન સાબિત કરે છે? જો મન શુભ કાર્યોમાં જોડાયેલું રહેલું હોય, શુભ સંગતિવાળું હોય તો તેને અશુભ સંગતિનો અવકાશ જ કયાંથી મળે? ગુણ ગણવાના કાર્યમાંથી નવરું થાય તો દોષ ઉપર દોડે ને? ઉત્તમ મનુષ્યો સર્વદા સ્વપરહિત થાય તેવા જ કાર્યમાં–એવી જ વિચારણામાં તત્પર રહે છે. સજ્જન તો અખિલ જગતને સજ્જનમય જ દેખે છે. તેને સ્વપ્ને પણ ખ્યાલ નથી આવતો કે દુનિયામાં સજ્જન સિવાય બીજા પ્રકારના મનુષ્યો વસે છે. જે મનુષ્યો પોતાના શરીર તથા કપડાંની બાબતમાં એટલા બધા સંભાળવાળા હોય છે કે જરા પણ ડાઘ પડે કે તરત જ નાહી લે અથવા કપડાં બદલી નાખે છે તે લોકો પોતાના આત્મા ઉપર પડતા ડાઘની બાબતમાં એટલા જ સાવચેત થાય તો આ જગત કેવું ભવિજનમય થઇને સૌને સુખદ થાય?

અભ્યાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પુસ્તક

લાવણી (સવૈયા)

ગર્ભાધાનાદિ સંસ્કૃતિની વિધિ જણાયે પુસ્તકથી,
વર્ણાશ્રમ સામાજિક ધર્મને અનુસરાયે પુસ્તકથી;
દાન જ્ઞાન વૈરાગ્ય યોગ કે જપ તપ મય શમ દમ વ્રતથી,
આત્માનું શ્રેયસ્કર અનુપમ કાર્ય સધાયે પુસ્તકથી.
દુનિયાનું દૈવત પુસ્તક છે અભ્યુદય પણ પુસ્તકથી,
પડતી ચડતીનાં સૌ કારણ કળી શકાયે પુસ્તકથી;
દેશ વિદેશતણી પ્રાચીન અર્વાચીન સર્વ હકીકતથી,
સમસ્ત લોકોની વિદ્યાથી પ્રવીણ થવાયે પુસ્તકથી.
પદાર્થ પ્રાણી વનસ્પતિની પિછાણ થાયે પુસ્તકથી,
ગુણ અવગુણ ઉપયોગતણી પણ મળે માહિતી પુસ્તકથી;
હુન્નર ને ઉદ્યોગ બુદ્ધિનો વિકાસ થાયે પુસ્તકથી,
વિદેશમાં સન્મિત્રની સ્હેજે ગરજ સરે છે પુસ્તકથી.

અભ્યાસી

## સ્વપ્નસૃષ્ટિ

(કવ્વાલી)

તમારા પ્રેમની સૌરભ, અમારા દિલમાં બ્હેકી;
તમારી વાણી વિમળતા, અમારા કર્ણમાં ટહુકી. ૧
તમારા પ્રસન્ન વદનથી, અમારી કીકીઓ હરખી,
તમારા સંગ આનંદથી, ચિત્તપ્રસન્નતા પરખી. ૨
ઘડી અણમૂલ જીવનની, ઘડીકમાં ગઇ પલટી;
સંયોગી સુભાગી પળની, અંતરમાં સુધામૃત ઝરતી. ૩
હૃદય લૂખું બન્યું મારું, ઊઠી સૌરભ આનંદની;
નયનમાં અશ્રુની ધારા, રડાવે તું વિયોગિની. ૪
પડી શૂની કુટિર મારી, સરી સૃષ્ટિ ગઇ મારી;
ઊઠી ગઇ સ્વપ્ન અંધારી, 'અમર' જ્યોતિ થઇ ભારી. ૫

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજન

## વીતરાગ પ્રભુનું કે લક્ષ્મીનું?

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

**જૈન** સમાજમાં નિત્ય પ્રભુપૂજા કરનાર બંધુઓ, બહેનો અને બાલકો પણ સારા પ્રમાણમાં જોવામાં આવે છે. પૂજા શી રીતે કરાય? પુરુષો કઈ બાજુએ ઊભા રહે? સ્ત્રીઓ કઇ બાજુએ ઊભી રહે? કોઇ પૂજા કરતું હોય તેની વચમાં જ બીજાઓ પોતાનું કાર્ય શરૂ કરી દે, ગિરદી કરી એકેકની ભાવનાના વિઘ્નો ચાલુ રહે, તેમજ કોઇક પોતેજ અનેક વાર પૂજા કરી જાણે ધરાયા નથી એવી રીતે પૂજા કરવી ચાલુ જ રાખે, કોઇએ ફૂલો ચઢાવ્યા હોય તે ઉતારી નાખી પોતાના ફૂલો ચઢાવે અને કોઇ વાર બોલાચાલી કરીને પણ વિક્ષિપ્ત વાતાવરણ પેદા કરી મૂકે એવા પ્રસંગો તો અનેક વાર બન્યે જ જાય છે. એમ થવામાં પૂજાનો મૂળ ઉદ્દેશ કેટલો સચવાય છે એ કોઈ કહી શકે તેમ નથી.

પ્રભુની વીતરાગ મૂર્તિ, પ્રશમરસ ઉત્પન્ન કરનારી ભાવના, અલૌકિક તેજસ્વી જ્ઞાનગુણથી પૂર્ણ એવી શાંત દૃષ્ટિનું સ્થિર ચિત્તે અવલોકન કરી પોતામાં તદ્રૂપ ભાવના જાગે એવી અંતરંગ આકાંક્ષા રાખી એક ધ્યાને આત્મા અને પરમાત્માને એક રૂપે ધ્યાનસ્થિત કરવાની જે ઉત્કૃષ્ટ ભાવના એ કેટલા લોકો પ્રગટ કરતા હશે એ એક કોયડો જ છે. પૂજા કરનારાઓની ગિરદી, દોડાદોડ, ઘોંઘાટ, ઉતાવળ અને અહંપૂર્વિકા જોતાં એવી શુદ્ધ પૂજન ભાવનાને ક્યાંય પણ સ્થાન હશે એમ લાગતું નથી. એ પૂજનની ક્રિયાને ગમે તેમ પતાવી લેવાની ભાવના એમાં સ્પષ્ટ જોવામાં આવે છે. પોતાના આત્માને એ પૂજન કાંઈક ગુણકારક બને એ ભાવનાનો જાણે સંપૂર્ણ અભાવ જ જોવામાં આવે છે.

પ્રભુપૂજનનો સાચો ઉદ્દેશ શું? એની કોઇ કલ્પના પણ કરતું હશે કે કેમ એ પ્રશ્ન જ, અમને તો એમ જ લાગે છે કે-ઘણાખરા નિર્હેતુકપણે એ કામ કરવાની ટેવ છે માટે પતાવી લેવાની ઉતાવળમાં જ દોડાદોડી કરી પૂજા કરી નાખતા હોવા જોઇએ. કોરટ કચેરીમાં, રેલ્વે કે બસ સ્ટેશન ઉપર પોતાનો વારો આવવાની રાહ જોવાય પણ દેવપૂજનમાં એટલી સ્થિરતા ક્યાંથી રખાય? અહીંયા તો પોતાનો અધિકાર ચલાવી ઊંચો નંબર મેળવવો જ રહ્યો. મોઢેથી ઊંચે સ્વરે કાંઈક ઉચ્ચાર કરતા (ભલે તે પૂર્ણ અશુદ્ધ હોય) આપણા આ કૃત્યથી કોઇને અડચણ તો નહીં થતી હોય ને? એવો વિચાર કરવાની ફુરસદ જ કોને હોય છે? પોતાનો ધ્વનિ સર્વોપરી કરવાની જાણે હોડ લાગી હોય તેવી રીતે પોતાના ગમે તેવા કર્કશ અવાજને પણ પૂર્ણ છૂટ આપવામાં આવે છે. જે ઠેકાણે શાંતતા એ મુખ્ય વસ્તુ હોવી જોઇએ તે જ જગ્યાએ બજારનું વાતાવરણ ઉત્પન્ન કરી મૂકવું એ કેટલું વિચિત્ર છે. આ બધી વસ્તુઓ કરતાં પણ વધુ ટીકાપાત્ર ઘટનાઓ જોવામાં આવે છે પણ એ બધાઓનું વર્ણન કરવાનું આ સ્થળ નથી, આપણે તો પૂજનમાં મુખ્ય હૈવત ક્યું મનાય છે એનો વિચાર કરવાનો છે.

મંદિરમાં પૂજન કરવા જનારા બધા વીતરાગ પ્રભુની પૂજા કરવાના એક જ નિર્વિકાર હેતુથી પ્રેરાઇ જાય છે શું? કે એમાં કાંઇ અંતરંગમાં અન્ય હેતુ સમાએલો હોય છે? મોઢેથી યોગી આનંદઘન કે દેવચંદ્રજીના કે યશોવિજય વિગેરે મહાન સંતપુરુષોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તવનો બોલાતા હોય અને આત્માનાત્મ વિચારોના ઊંડા વિચારો ગવાતા હોય અને જાણે ત્યાગ–વૈરાગ્યના બારણે આવી ઊભા રહ્યા હોઇએ એવી ભાવનાનું પ્રદર્શન થતું હોય પણ અંતરંગમાં તો ઊંડે ઊંડે પણ કમલાસના તત્કાલ ફલદાત્રી ભગવતી ઇંદિરા કે લક્ષ્મીની જ યાચના ચાલતી હોય એમાં જરાએ શંકા નથી. ઉપરફી તો ખૂબ બની ઓર અંદરફી રામ જાને! ઉપરથી તો પ્રભુ અરિહંત ભવરોગાર્તિહર, ભવભયભંજન વીતરાગ દેવની પૂજા–સ્તુતિ કરાતી હોય અને મનમાં લક્ષ્મી દેવીની કૃપાની જ યાચના થતી રહે છે. મોઢેથી ભલે ત્યાગ અને વૈરાગ્યના ગુણ ગવાતા હોય પણ મનમાં તો ભોગ, લાલસા, તૃષ્ણા પોતાનો અડ્ડો જમાવી બેઠેલ હોય છે, એ નક્કર સત્યની ઉપેક્ષા કેમ કરાય? અને જ્યાં સુધી આમ વિસંવાદી ઉપાસના, સ્તુતિ અને પૂજન ચાલતું રહે ત્યાં સુધી એ પ્રભુ વીતરાગ ભગવંતની પૂજા શી રીતે ગણાય? અને એમ જ હોય તો પછી એવા ફળની આકાંક્ષા પણ શી રીતે રખાય? વાસ્તવિક તો નિરહંકાર વૃત્તિથી અને કોઇ પણ ફળની આકાંક્ષા રાખ્યા વગર નિષ્કામભાવે કરેલી વીતરાગ દેવની પૂજા જ ફલવતી થવા સંભવ છે, તેમાં પણ ફળ મેળવવાના હેતુથી કરેલી ક્રિયા એ અમૃત નહીં પણ વિષ ક્રિયા જ થવાની, જે ઝાડને ઉછેરવું હોય તેને પાણી નહીં સિંચતા બીજા જ ઝાડને આપણે પાણી સિંચતા રહીએ તો પેલું ઝાડ સૂકાઈ જ જાય ને? અને જે ઝાડ ઉગવાની આપણને જરૂર નથી તે જ ઝાડ ફૂલીફાલી આપણને તેના ફળો ચખાડે ને! આવું વિસંવાદી અને બાલક્રીડા જેવું પૂજન આપણા હાથે નહીં થઇ જાય તેની આપણે સાવચેતી રાખતા ક્યારે શીખશું?

પ્રભુ વીતરાગ એ નામમાં જ વીતરાગત્વ પ્રગટ થએલું છે. પ્રભુ વીતરાગ કોઈ ઉપર તુષ્ટમાન થઇ તેને બક્ષીસ આપતા નથી તેમજ કોઇની ઉપર રૂષ્ટ થઇ તેને સજા પણ કરતા નથી. તેઓ આ બધા જ દ્વંદ્વથી પર રહેલા હોવાને લીધે જ વીતરાગ કહેવાય છે. એમના અલૌકિક નિર્વિકારપણાને લીધે જ આખું જગત તેમને પૂજે છે, વંદે છે. આમ હોવાને લીધે વીતરાગદેવ પાસે પોતાના સ્વાર્થની કોઇ વસ્તુ માગવી એ વ્યર્થ જ સિદ્ધ થાય છે. તેઓ કોઇનો નિગ્રહ કરી તેને સજા કરતા નહીં હોવાને લીધે આપણા શત્રુઓનો નાશ કરવાની માંગણી પણ કરી શકાતી નથી. મતલબ કે સ્વાર્થી અને સંસારમૂઢ માણસ માટે વીતરાગદેવનો કાંઈ ઉપયોગ જ નથી. લોકોને તો થોડી લાલચમાં ફસાઇ પોતાનું ધારેલું કામ બરાબર કરી આપે એવો ભોળો દેવ જોઇએ છે. એને માટે જ એ પૂજાનો પથારો સ્વીકારે છે. વીતરાગદેવના પૂજનમાં ફક્ત નિષ્કામ ભક્તિ જ હોય તો તેથી પુણ્ય જરૂર ઉત્પન્ન થાય. અને એ પુણ્યની શક્તિથી ભક્તને સુખસમૃદ્ધિ મળે એમાં આશ્ચર્ય માનવા જેવું નથી, પણ કાંઈક લાલચ આગળ કરી જેમ જગતમાં સ્વાર્થી માણસો કોઈની પાસેથી પોતાનું કામ કાઢી લેવા માગે છે, તેવો પ્રકાર વીતરાગદેવ આગળ શી રીતે ટકી શકે? એ કાર્ય માટે તો લાલચુ અને સ્વાર્થી દેવોની જરૂર હોય! અને લોકો એવા દેવની જ શોધમાં લાગેલા રહે છે, એટલું જ નહીં પણ કેટલીક વખતે વીતરાગ પ્રભુને પણ એવા લાલચુ દેવોની પંક્તિમાં બેસાડી દેવાની પણ તેમને શરમ આવતી નથી, શ્રી કેશરીઆજી તીર્થના પ્રભુ ઋષભદેવને લોકોએ એવી પંક્તિમાં લાવી મૂકવામાં બાકી રાખી નથી. સંસારમાં કોઇ અડચણ ઉપસ્થિત થતાં શ્રી કેશરીઆજીને મદદે બોલાવવામાં આવે છે અને માનતા કરી એવી લાલચ આપવાનું બતાવવામાં આવે છે. કેશરીઆજી ભગવાન જો એમનું કામ કરી આપે તો તેના બદલામાં અમુક રકમ કે વસ્તુ ભેટ આપવાનું કબૂલ કરવામાં આવે છે. એનો અર્થ એ થયો કે–અમુક દ્રવ્યની કે વસ્તુની શ્રી કેશરીઆજી ભગવાનને જરૂર છે. અને તે વસ્તુ મેળવવા માટે તેઓ લોકોના કામો કરી આપવા બેઠા છે, જેમ કોઇ દુકાનદાર ગ્રાહકને અમુક માલ આપે અને તેના બદલામાં દ્રવ્ય લે તેમજ શ્રી કેશરીઆજી પ્રભુ પણ એક દુકાનદાર ગણાય એટલું જ નહીં પણ તેઓ લાંચિયા પણ ગણાવા જોઇએ. સામાન્ય અધિકારી પણ લાંચ લઇ કોઇનું કાર્ય કરી આપે તો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજાને પાત્ર ગણાય છે. તેમજ લાંચ આપનારો પણ તેવી જ સજાને પાત્ર થાય છે. આવી પરિસ્થિતિમાં માનતા એ કેટલી ભયંકર અને ધર્મ વિરુદ્ધ વસ્તુ છે એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. અમારો કહેવાનો આશય એ છે કે, માણસ જ્યારે પજન કરે છે ત્યારે તેઓ પ્રભુ વીતરાગની નિરપવાદ પૂજા કરતા પોતાને ગમતી જે લક્ષ્મી તેની જ પૂજા કરવા માગે છે. બાહ્ય પ્રતીક ગમે તે હોય પણ આશય તો કમલાલયા લક્ષ્મી ભગવતીની આરાધનાનો જ હોય છે.

કેટલાએક લોકોએ જાણી લીધેલું કે, વીતરાગદેવ તો કોઇને કાંઇ પણ આપતા નથી માટે તેમના કરતાં તો બીજા કોઈ દેવતા આપણું કામ કરી આપતા હોય તેવા દેવો શોધવા જોઇએ. ભલે વીતરાગપ્રભુની સેવાપૂજા કરીએ, તેનું ફલ કદાચ હશે તો તે પરોક્ષ હોવાનો સંભવ છે. આગામી જન્મમાં તેનો ઉપયોગ થવા સંભવ આપણે ગણીએ, પણ આપણને તો અત્યારે તત્કાળ જરૂર છે ત્યારે જે દેવતાઓ આપણું કામ તરત જ ઉકેલી આપે તેવા દેવોનો શોધ શરૂ થઇ. પરિણામે મણિભદ્રદેવને શોધી કાઢવામાં આવ્યા. અને સાથે સાથે આ દેવની સ્થાપના પણ મંદિરમાં જ હોવાને લીધે જૈનપણું પણ સચવાય. લોકપ્રવાહ પણ એવો જોરશોરથી શરૂ થયો કે, મણિભદ્રદેવ ગમે તેવી અડચણ દૂર કરી આપે છે. દિકરો જોઇએ તેને દિકરો આપે. વેપારમાં નુકસાની ગઇ હોય તો નફો કરી આપે. કોર્ટમાં કેસ જીતી આપે. ગમે તેવો રોગ પણ મટાડી દે. એવા એવા તો ઘણાએ સંકટો એ દૂર કરી આપે. પછી લાલચુ માણસોથી ઉભરાતું જગત આવા દેવની પાછળ કેમ નહીં પડે ? મણિભદ્રદેવ સાક્ષાત્ ચમત્કાર કરનારા છે એવી માન્યતાએ એવું કાર્ય કરી આપ્યું કે, તે દેવની આગળ રાતદિવસ ઘીના દીવાઓ પ્રગટ્યા. એ દેવના નામથી અનેક પ્રકારના ખર્ચા લોકો ઉપાડવા માંડયા. થોડું ખરચ કરી ખૂબ મોટો નફો મળતો હોય ત્યારે તે મેળવવા કોણ પાછળ રહે ! એવી રીતે ફક્ત લક્ષ્મીના પ્રાપ્તિ અને સંસારમાં ધનધાન્ય–સમૃદ્ધિ અને આરોગ્ય મેળવવા માટે મણિભદ્રદેવને કામે લગાડી દેવામાં આવ્યા. એ દેવતાની આગળ એક પગે ઊભા રહી જાપ થવા માંડયા. માનતાના નવા નવા પ્રકારો અને તુક્કાઓ શોધી કઢાયા. અને જાણે મણિભદ્રદેવને લાલચુ કરી ખૂબ ઠગવાનો તેમના આવા લોભી ભગતો-એ પ્રયત્ન ચલાવ્યો. જે જૈન સિદ્ધાંતોએ આવી શરતી ઉપાસના કરવાનો પૂર્ણ નિષેધ કરેલો છે તે જ પ્રભુ વીતરાગના મંદિરમાં જ તેમની સમક્ષ માનતાઓ અને શરતી કરારો કરવામાં આવે એ કેટલી વિપરીત ઘટના ! પણ એ બધું આંખો મીંચી ચલાવી લેવામાં આવે છે. ધન્ય છે ભો લક્ષ્મીદેવી ! તારા જ કાજે જગતમાં અનેક દેવોને પૂજા અને નૈવેદ્ય ધરાય છે. મનમાં નક્કી સમજી રાખજે કે, નામ ગમે તે દેવનું લેવાતું હોય છતાં પૂજા તો આખરે તારી જ છે !

સાચી વીતરાગ ભગવંતની પૂજા આપણે કરતા ક્યારે શીખીશું ? સંસારની અનંત લાલચોમાં ફસાઇ આમતેમ રખડપટી કરીને આપણે પોતાનું ભવભ્રમણ વધારીએ છીએ કે કેમ એનો જરા શાંત મનથી વિચાર કરતા આપણે ક્યારે શીખીશું ?

અમારો એક મિત્ર જે વૈદિક ધર્માવલંબી હતો તે એક ચમત્કાર બતાવનારી દેવીના મંદિરમાં જઇ ચઢયો. ત્યાંના પૂજારીએ તેમને બતાવ્યું કે, એ દેવી તત્કાળ ફળ આપનારી છે. તમે પણ એની માનતા કરો. આ જુવો કેટલા પારણાઓ લોકોએ પોતાની ઇચ્છાની પૂર્તિની નિશાની તરીકે લટકાવેલા છે ? પારણા તો પાંચ પચાસ હતા. ત્યારે અમારા મિત્રે સવાલ કર્યો કે, આ મંદિરમાં એકાદ વરસમાં કેટલા ભગતો આવી ગયા હશે ? પૂજારીએ કહ્યું : અહીંઆ તો હજારોની સંખ્યા હમેશ આવે જ જાય છે. ત્યારે અમારા મિત્રે સવાલ પૂછયો કે : હે ભૂદેવ ! તમે જે પુરાવાઓ બતાવ્યા તે તો જેના ઉપર દેવી તુષ્ટમાન થઇ તેના જ છે, પણ જેની માનતા નિષ્ફળ ગઈ તેના પુરાવાઓ ક્યાં છે ? પૂજારી તો આભો જ બની ગયો !

લોકોની ભ્રમણા હોય છે કે, થોડા લોભની ખાતર કોઇ દેવો આપણું કામ કરી આપશે તો એ ભ્રમણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચતુર્દશીનું મંગળ પ્રભાત

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

પ્રાતઃકાળનો મંદ છતાં મધુરો પવન વાય છે. સહસ્ત્રરશ્મિદેવ પોતાની દૈનિક ગતિમાં આગેકૂચ કરી રહેલ છે. વર્ષાકાળ વીતી જતાં માર્ગો કર્દમવિહૂણા થવા માંડ્યા છે અને પક્ષીગણ પણ આસપાસમાં લીલા-કુંજાર બનેલા, ધાન્યના રોપાઓથી લચી પડતાં, ખેતરોમાં સ્વચ્છંદપણે ઉડ્ડયન કરી રહેલ છે.

અપાપાનગરીની ભાગોળે આવેલ રાજવી હસ્તિપાલની શુલ્કશાળા, સમીપના વિશાળ પ્રાંગણમાં જેમણે અહીં વર્ષાવાસ કરેલ છે એવા ચરમ તીર્થપતિ શ્રી મહાવીરદેવ કાર્તિક વદ ચૌદશ–અમાસના ઉભય દિનોમાં અસ્ખલિતપણે દેશના આપવાના છે. ભગવંતની અમૃત સમી વાણીના શ્રવણથી વંચિત ન રહેવાય એ કારણે નર–નારીના વૃંદો ક્યારનાયે એકઠા થવા માંડ્યા છે.

ત્યાં અચાનક નાદ કર્ણપટ પર અથડાયો, કે દેવલોકના સ્વામી શક્રેન્દ્ર પધારી રહ્યા છે. ઇંદ્રનું આગમન ખાસ નવાઈરૂપ નહોતું છતાં જે આડંબરપૂર્વક એ થવું જોઈતું હતું તે વિધિ આજે જણાતી નહોતી. તેમના ચહેરા ઉપર તેજસ્વિતા નહોતી દેખાતી. જાણે કોઇ ભાવિ કાળની ચિંતા હીલોરા લઇ રહી હતી. જ્યાં વંદનવિધિ કરી, એક પ્રશ્ન પ્રભુ સમક્ષ રજૂ કર્યો એટલે હાજર રહેલ સર્વ કોઇને એ ચિંતાનો તાગ સહજ લાધી ગયો.

ભગવન્! આપના જન્મનક્ષત્ર ઉપર **'ભસ્મરાશિ'** નામના અતિ ભયંકર ગ્રહનું આગમન થઇ રહ્યું છે, આપ થોડું આયુષ્ય વધારો તો એની કપરી વિટંબનાઓ આપની ભાવિ સંતતીને વેઠવાની છે એમાં ઘણો ફેર પડે. "શૂળીનું વિઘ્ન સોયે જાય."

સૌધર્મપતિ! એ શક્ય નથી, હોણહાર મિથ્યા થનાર નથી, કેમકે એની સાથે કર્મ આદિ પાંચ સમવાયનો યોગ સધાયો હોય છે. વળી આયુષ્ય વિગેરે અઘાતી કર્મોના જે દળિયા ક્ષય પામી જવા આવ્યા છે એમાં વધારો કેમ થઇ શકે? કર્મબીજ જ્યાં સર્વથા બળી ગયું હોય ત્યાં પુનઃ અંકુરો કેમ ઊગી શકે? જો એમ થતું હોત તો શા કારણે મારે અવતાર ધારણ કરવારૂપ વૈદિક માન્યતાને પડકાર ફેંકતો પડતે? નથી તો ભૂતકાળે બન્યું, વર્તમાનમાં બનતું જોવાતું કે ભવિષ્યમાં બનવાનું. એ સત્ય છે કે–**लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः?** પ્રભો! જો આ વસ્તુસ્થિતિ હતી તો આવી વિષમવેળાએ, મુખ્ય પટ્ટધર એવા શ્રી ઇંદ્રભૂતિ–ગૌતમને સમીપના ગામે શા સારુ વિદાય કર્યા? હાજર હોત તો શાસનના ભાવિ અંગે કંઈ માર્ગદર્શન તો મેળવી શકત.

---

તરત જ મૂકી દેવી જોઇએ. જેના ભાગ્યમાં જે પ્રાપ્ત થવાનું હશે તે જ મળી શકશે. એના માટે માનતા કે 'નવસ' કરવા એ મૂર્ખાઇ તો છે જ, પણ સાથે સાથે આત્મવંચના પણ છે એ નક્કી ધ્યાનમાં રાખી સાચી વીતરાગ ભાવે જ પૂજા કરવી જોઇએ. અમારા બંધુ ભગિનીઓને એવી શુદ્ધ પૂજા અને શુદ્ધ ભાવના હૃદયમાં આવે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવલોકના અધિપતિ ! નિશ્ચિંત રહે. એને સાચું માર્ગદર્શન થઇ શકે એ કારણે તો મારે વિદાય દેવી પડી છે. એ પ્રબુદ્ધ આત્મા, ભક્તિના અતિરેકમાં **વીતરાગ દશા** પાછળનું રહસ્ય વીસરી ગયા છે ! એકાંત રાગદશાના ઘેનમાં પોતાની પાસે રહેલા કિંમતી જ્ઞાનનો ઉપયોગ સરખો પણ કરતા નથા ! વહેવારનાં કાંટે એ રાગ ભલે પ્રશસ્ત લેખાતો હોય,–ભક્તિ માર્ગના પ્રવાસીઓને મન એ અજોડ ભક્તિ લેખાતી હોય,–પણ સ્યાદ્‌વાદ દર્શનના પ્રણેતા તો ઢોલ ટીપીને કહે છે કે–'આત્મામાં જ અનંત શક્તિ ભરેલી છે. કર્મોના પડળ બાઝવાથી એ અવરાણી છે. સ્ફટિક સમ નિર્મળ બનાવતાં આત્મા ખુદ પરમાત્મા બને છે. દેવ–ગુરુની સેવા–ભક્તિ એ તો નિમિત્તરૂપ છે. પ્રગતિ સાધવામાં આત્માની જ્ઞાનપૂર્વકની સમજ અગ્રભાગ ભજવે છે. મારો માર્ગ જેમ મેં શોધી લીધો તેમ ગૌતમનો તેણે પોતે જ શોધવાનો છે, તેની એ શક્તિ એકપક્ષી રાગના સદ્‌ભાવે મારી હાજરીમાં ન ખીલી શકી, પણ મારા વિરહટાણે ખીલશે. પછી માર્ગદર્શનની અગત્ય નહીં રહે. જે તેજ લાધશે એના બળવડે એ પોતે જ માર્ગદ્રષ્ટા ગણાશે. આ કારણે જ્ઞાની ભગવંતો–તીર્થંકર દેવો–ભાર મૂકીને કહે છે કે–'**જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.**' અને તે એક એટલે જ પોતાના **આત્માની સાચી ઓળખાણ**. ભગવન્ ! હજુ પણ એક શંકાનો ઉકેલ જરૂરી જણાય છે. દેવેન્દ્ર ! શંકાનું નિરસન કરવું એ મારો ધર્મ છે. હવેની દેશનામાં એ અંગે જ મારે વિસ્તાર કરવાનો છે. લેણ–દેણના પાસા સરખા કર્યા વગર ચૌદમું ગુણસ્થાનક નજરે પડવાનું નથી જ. નિર્વાણની દુંદુભિ બજતાં પૂર્વે બાકી રહેલ કર્મો ક્ષય થવા ઘટે.

શીલવાન આત્માઓને દેવો નમસ્કાર કરે એ વસ્તુ સમજાય તેવી છે, કેમકે તેઓ (દેવો) ચોથા ગુણસ્થાનકે હોય છે અને એ માનવ આત્માઓ પાંચમે, પણ આપ જેવા સામેથી સુલસા જેવી એક સામાન્ય શ્રાવિકાને **ધર્મલાભ** કહેવડાવો એ મારી નજરે 'નેવાના પાણી મોભે ચઢાવવા જેવું જણાય છે. એમાં ગુણસ્થાનકનું અંતર ઓછું નથી જ ! વળી કેટલીક સતીઓને તો પોતાના શિયળના શિક્ષણ અર્થે મરણાંત કષ્ટો વેઠવા પડ્યા છે જ્યારે શ્રેણિક મહારાજના સારથિ નાગની આ ભાર્યાને તેવા પ્રકારનું કંઇ જ કષ્ટ નડ્યું નથી !

સૌધર્મપતિ ! અર્હત્ શાસનમાં પ્રત્યેક વસ્તુનો વિચાર અપેક્ષાને ધ્યાનમાં રાખી કરવાનો હોય છે. વળી '**ગુણાः પૂજાસ્થાનમ્**' એ વચન પણ લક્ષ્ય બહાર થવા દેવાનું નથી. એમાં **શિયળવ્રત** પર મુખ્ય વજન મૂક્યું હોવા છતાં એની સાથે અન્ય સંયોગો પણ વિચારવા જરૂરી છે. કદાચ તને એ પ્રશ્ન સહજ ઉદ્‌ભવશે કે 'ધર્મમાં પુરુષની પ્રધાનતા' વદનાર તીર્થંકર નારીજાતિનું આટલી હદે ગૌરવ કરે એ શોભાસ્પદ કેમ લેખાય ? એ ઉપરાંત જ્યારે નારીજાતિમાં રહેલ સ્વાભાવિક દોષોનું વર્ણન ચાલતું હોય છે ત્યારે તેણીને 'નરકની ખાણ' જેવી ઉપમા અપાય છે ! પણ એ સાથે મહત્વની વાત તો એ જ સાહિત્યગ્રંથોમાં આલેખાયેલી છે કે જેમાં નારીજાતિના ગૌરવની ગાથાઓ ઢગલાબંધ દેખાય છે. તીર્થંકરની માતાને રત્નપ્રસૂતા યાને રત્નકૂક્ષી કહેવાય છે. તેણીને શક્તિનો અવતાર કહેવાય છે. ચાલુ અવસર્પિણી કાળના અમારા ચોવીશ જિનોમાં જો કોઇને પણ ઓછામાં ઓછા ઉપસર્ગો વેઠવા પડ્યા હોય, અને જલ્દીમાં જલ્દી કેવળજ્ઞાન થયું હોય તો એ મલ્લિનાથ પ્રભુને. સાતમી નરકના દ્વાર સદાને માટે બીડાયેલા હોય તો તે નારીજાતિ માટે ! કહેવાનું તાત્પર્ય એક જ છે કે પુરુષ કે સ્ત્રી એટલે કર્મરાજે સજાવેલા વેશમાં વર્તનાર જીવો; બાકી ઉભયમાં **આત્મત્વ** એક જ પ્રકારનું. એ જ પ્રમાણે રાગ અને વિરાગ વેળાના વર્ણનોમાં પણ જાતજાતની ભિન્નતા. જો અપેક્ષારૂપી દર્પણ નેત્રો સામે રાખવામાં ન આવે તો ભારે ગોટાળો થઈ જાય. અરે ખોટા કદાગ્રહમાં ગોથું ખવાઈ જાય ! **અનેકાન્તદ્દષ્ટિનું** દિવાળું નીકળે ! ધર્મના મૂળમાં જ આગ ચંપાય ! પણ અર્હત્ દર્શનમાં એ બનતું નથી, કેમકે જૂદા જૂદા દૃષ્ટિબિન્દુઓને લક્ષ્યમાં **રાખી** વિચારણા કરાય છે. એ ધોરણે જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુલસા શ્રાવિકાને કહેવડાવેલ ધર્મલાભ કે ગંધાતા કૂતરાના મુખની દંતપંક્તિના વખાણ ક્ષાયિક સમકિતી એવા કૃષ્ણવાસુદેવે કરેલા તે વ્યાજબી છે.

આટલી ભૂમિકા રચી ભગવંત શ્રી મહાવીરદેવે સતીઓની ગણનામાં **સુલસાનું** સ્થાન કેવા પ્રકારનું છે તે વર્ણવ્યું. એ મીઠી વાણીના શ્રવણમાં કર્મરાજનો સપાટો લાગ્યો ને ઊંઘનું ઝોકું આવી ગયું અને જ્યાં આંખ ઉઘાડું છું ત્યાં તો પેલા પ્રસંગને લગભગ પચીસસો વર્ષના વહાણાં વાઈ ગયેલા જણાય ! અપાપા નામનું પરિવર્તન પાવાપુરીમાં થઈ ગયું. શુલ્કશાળાની સ્મૃતિ માત્ર રહી. અને સામેના કમળોથી પૂર્ણ સરોવર વચ્ચે નાનકડા દેવભુવન સમા મંદિરમાં નથી તો ખુદ ભગવાન કે નથી તો તેમની મૂર્તિ ! કેવળ પાદુકા છે અને એ યાદ આપે છે કે આ સ્થાન પર અંતિમ તીર્થપતિને અગ્નિસંસ્કાર કરાયેલ છે.

ભગવંતની સોળ પહોરી દેશનાની સ્મૃતિમાં આજે પણ બે દિવસનો છઠ્ઠ કરી પ્રભુ નામનું સ્મરણ કરનારા ઉપાસકો ઠીક ઠીક દૃષ્ટિગોચર થાય છે અને પ્રવાસના સાધનોની અનુકૂળતાવાળા આ યુગમાં અહીં એ પવિત્ર પુણ્યતિથિના દિવસોમાં માનવ મહેરામણના દર્શન થાય છે. એમાં કેવળ બાબુશાહી પાઘડી કે બંગાળી પહેરવેશના દર્શન નથી થતાં પણ ગૂજરાતી–મારવાડી–દક્ષિણી ને પંજાબી પોશાકોનું વિવિધરંગી પ્રદર્શન જોવાનું મળે છે. સામાન્ય દિનોમાં જ્યાં આંગળીના ટેરવે ગણાય તેટલી માનવસંખ્યા નજરે ચઢે છે ત્યાં આ દીપોત્સવી ટાણે વિદ્યમાન ધર્મશાળાઓ ઓછી પડે છે ! ચારે તરફ માનવની દોડાદોડ નયનપથે ચઢે છે. **નિર્વાણદિન**ની આસપાસના પાંચ પાંચ દિવસોમાં અહીં **ધર્મ** મૂર્તિમંત રૂપે દેખા દે છે. સતીઓ સંબંધી વિચારણા આગળ ઉપર રાખી, આપણે પણ દૂર રહ્યા એ પ્રતિ દૃષ્ટિ કરીએ. વિચારીએ કે–**'કરણ' 'કરાવણ'** ને **'અનુમોદન'** સરખા ફળ નિપજાવે.

## વિભૂતિ

ત્રણ પ્રકારના માણસો છે.

પહેલા પ્રકારના માણસને સંયોગો ઘડે છે, અને એ માણસ સંયોગોના પ્રવાહમાં તણાય છે.

બીજા પ્રકારનો માણસ સંયોગોનો સામનો નથી કરી શકતો, તેમ તે સંયોગોના પ્રવાહમાં તણાતો પણ નથી; એટલે તે સંયોગોથી દૂર ભાગે છે અને એકાન્તમાં જઇ પોતાની સાધના કરે છે.

ત્રીજા પ્રકારના માણસને સંયોગો નથી ઘડતા પણ એ સંયોગોને ઘડે છે. અવસરે મક્કમતાપૂર્વક સંયોગોનો સામનો કરીને પણ, એ સંયોગો પર કાબૂ–વિજય મેળવે છે. આવો માનવી જ સંયોગ પર, કાળ ઉપર અને જગત ઉપર પોતાની પ્રતિભાની ચિરસ્થાયી છાપ પાડી જાય છે !

**—ચિત્રભાનુ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# [૨] સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## ત્રીજી વસ્ત્રયુગલ પૂજા

દુહા :—

વસન યુગલ રીતિ ઉજ્જવલે, નિર્મળ અતિહી અભંગ;
નેત્ર યુગલ સૂરિ કહે, યેહી મતાંતર સંગ. ૧

કોમળ ચંદન ચરચીયે, કનક ખચિંત વર અંગ;
હય પલ્લવ શુચિ પ્રભુશીરે, પહેરાવે મન રંગ. ૨

દ્રૌપદી શુક્ર સુરીયાભ તે, પૂજે જેમ જિનચંદ;
શ્રાવક તીમ પૂજન કરે, પ્રગટે પરમાનંદ. ૩

પાય લુહણ અંગલુહણાં, દીજે પૂજન કાજ;
સકલ કર્મ-મલ ક્ષય કરી, પામે અવિચલ રાજ. ૪

**અર્થ**—નિર્મળતાના અધિકપણાથી યુક્ત, વળી અખંડિત એવા વસ્ત્રયુગલ અતિ સફેદ વર્ણવાળા હોય, તેનાથી પ્રભુની ત્રીજી પૂજા કરવી. આ વસ્ત્રયુગલ પૂજાના સ્થાનમાં મતાંતરે-ચક્ષુયુગ્મ પૂજા પણ આચાર્યપુંગવો કહે છે. તેની વિધિ આ પ્રમાણે છે. સુવર્ણ ટીકાથી જડાયેલા પ્રભુના નવ અંગ ઉપર કોમળ ચંદનથી પ્રથમ પૂજા કરીએ. ત્યારબાદ પવિત્ર એવા પ્રભુના મસ્તક ઉપર વસ્ત્ર પહેરાવીએ અર્થાત્ સ્થાપન કરીએ. આ પૂજા દ્રૌપદી, વળી ઇન્દ્ર તથા સૂર્યાભ દેવે જેવી રીતે કરી તેવી રીતે શ્રાવક પણ પૂજા કરે. એવી પૂજા કરતાં પરમાનંદ પ્રગટે. વળી પાયલુંછણા, પૂજાના કાર્ય માટે ઉત્તમ શ્રાવકો જિનમંદિરમાં આપે. તેના ફળરૂપે ભવ્ય જીવ સકલ કર્મનો ક્ષય કરી અવિચલ રાજ પ્રાપ્ત કરે. આ વસ્ત્રપૂજા પ્રાચીન કાળમાં હતી પરંતુ અન્ય દર્શનકારોમાં અન્ય દેવોની વસ્ત્રપૂજા ઘણા પ્રમાણમાં થતી હોવાથી આપણામાં હાલ વર્તમાનકાળમાં લુપ્ત થઇ, તેને બદલે આંગી રચના વધારે પ્રમાણમાં થાય છે, જેથી શુદ્ધ વ્યવહારનું પાલન થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ત્રીજી

રાગ—દેશ સોરઠ પંજાબી ઠેકો–કુબ્જાને જાદુ ડારા-–એ દેશી

જિન દર્શન મોહનગારા, જિને પાપ કલંક પખારા. જિન૦

પૂજા વસ્ત્રયુગલ સુચીસંગે, ભાવના મનમેં વિચારા;
નિશ્ચય વ્યવહારી તુમ ધર્મે, વરતું આનંદકારા. જિન૦ ૧

જ્ઞાન ક્રિયા શુદ્ધ અનુભવ રંગે, કરું વિવેચન સારા;
સ્વપર સત્તા ધરું હરું સબ, કર્મ કલંક પહારા. જિન૦ ૨

કેવલ યુગલ વસન અર્ચિતસે, માંગત હું નિરધારા;
કલ્પતરુ તું વાંછિત પૂરે, ચૂરે કર્મ કઠારા. જિન૦ ૩

ભવોદધિ તારણ પોત મીલા તું, ચિદ્દઘન મંગલકારા;
શ્રી જિનચંદ જિનેશ્વર મેરે, ચરણે શરણ તુમ ધારા. જિન૦ ૪

અજર અમર કર અલખ નિરંજન, ભંજન કરમ પહારા;
આત્માનંદી પાપ નીકંદી, જીવનપ્રાણ આધારા. જિન૦ ૫

**અર્થ:**–શ્રી જિનેશ્વર પ્રભુનું દર્શન મોહ પમાડનાર છે. આ પ્રશસ્ત મોહ નહિ, કારણ કે તે ત્યાગ કરવાલાયક છે; પરન્તુ જ્યાં સુધી અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણા સુધી ન પહોંચાયું હોય ત્યાંસુધી ભક્તિરસને પોષનાર પ્રશસ્ત મોહ આદરણીય છે, એ તત્ત્વ જાણવું; તેથી પ્રભુના દર્શન મોહક છે. પરિણામે સુંદર ફળ આપનારે છે. ભાવી નિર્મોહી દશા પ્રાપ્ત કરવામાં અદ્વિતીય સાધનભૂત છે, તેથી પ્રભુદર્શન પાપરૂપી કલંકને દૂર કરનાર છે. "પ્રભુની વસ્ત્રયુગલની પૂજા કરવા ભાવપૂજાની પુષ્ટિરૂપે હવે કરીએ, તેવી ભાવના મનમાં વિચારવી." વસ્ત્રજોડલાની સંખ્યા બે જ છે, તેથી બબ્બે પ્રકારની ભાવના વસ્ત્રયુગ્મની દ્રવ્યથી પૂજા કરતાં ભાવતા જવી એ પરમાર્થ છે. તે આ પ્રમાણે–નિશ્ચય અને વ્યવહાર એમ બંને ધર્મનું વર્ણન કરવું. એ વર્ણન સાચા આનંદને કરનારું થાય છે. શુદ્ધ અનુભવ જ્ઞાન અને ક્રિયાનું સારી રીતે વિવેચન કરવું. વળી આત્માની તથા કર્મની એમ બંને પ્રકારે સાતા વિચારવી, જેથી સર્વ કર્મરૂપ કલંક ઉપર પ્રહારો થાય. વસ્ત્રયુગલ ચડાવી ભાવપૂજાની પુષ્ટિ કરવા નિશ્ચયે કરીને કેવલદર્શન અને કેવલજ્ઞાન એમ બન્નેની માંગણી કરવી. હે પ્રભુ ! આપ કલ્પવૃક્ષ જેવા છો અને સર્વ કર્મરૂપ કાષ્ઠને ચૂરનારા છો. વળી આપ ભવરૂપી સમુદ્રમાં વહાણ સમાન છો. મને આપ મળ્યા છો. આપ જ્ઞાનના સમૂહરૂપ અને મંગલકારક છો. હે પ્રભુ! આપના ચરણોનું શરણું મેં લીધું છે. આપ સામાન્ય કેવળીમાં ચંદ્રમા સમાન છો. રાગદ્વેષના જિતનારે છો. વળી આપ તો અજર અને અમરપણું કરનારા છો. વળી આપ અલખ અને નિરંજન છો, કર્મના પ્રહારને ભાંગનારા છો, આપ આત્માનંદી છો, પાપના નિકંદન કરનારા છો, મારા જીવનરૂપ પ્રાણના આધારભૂત છો. એવી રીતે દ્રવ્યથી અને ભાવથી વસ્ત્રયુગ્મની પૂજા દર્શાવી.

દરેક પૂજા પ્રથમ દ્રવ્યથી કહેલી છે, તે ભાવ પૂજાનું કારણ હોવાથી શ્રાવકોને ખાસ આદરણીય હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એકલી દ્રવ્ય પૂજામાં જો ભાવપૂજા ન મળે તો પુન્ય કર્મ બાંધનારી ફક્ત દ્રવ્યપૂજા થાય છે. અને ભાવની પુષ્ટિ થતાં પુન્યાનુબંધી પુન્ય પ્રકૃતિ બંધાવી કર્મના સંવરને અને કર્મની સકામ નિર્જરાને પ્રાપ્ત કરાવે છે. " એવી દ્રવ્યપૂજા " ભાવ વધતાં મોક્ષની અદ્વિતીય સાધનારૂપે થાય છે. આ બંને પૂજાની સમજુતી માટે શ્રાદ્ધવિધિ, આચારદીનકર ગ્રંથ, ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આનંદઘનજીકૃત નવમા ભગવાનનું સ્તવન તેમજ દેવવંદન ભાષ્ય વિગેરે ગ્રંથોનું અવલોકન કરવું એ જ સૂચના શ્રેયસ્કર છે.

## ચતુર્થી વાસ (ગંધ) પૂજા

દુહા

ચોથી પૂજા વાસકી, વાસિત ચેતન રૂપ;
કુમતિ કુગંધ મિટી ગઇ, પ્રગટે આત્મસ્વરૂપ. ૧

સુમતિ અતિ હર્ષિત ભઇ, લાગી અનુભવ ખાસ;
વાસ સુગંધે પૂજતાં, મોહ સુભટકો નાશ. ૨

કુંકુમ ચંદન મૃગમદા, કુસુમ ચૂર્ણ ઘનસાર;
જિનવર અંગે પૂજતાં, લહીએ લાભ અપાર. ૩

ચોથી વાસક્ષેપ પૂજાથી જ્યારે ચેતનનું રૂપ વાસિત થાય છે અર્થાત્ દ્રવ્યભાવથી જ્યારે "પૂજક" ગંધપૂજા કરે છે, ત્યારે કુમતિરૂપી નઠારી ગંધ ચાલી ગઇ એમ સમજવું અને આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. વળી જ્યારે ભાવથી અનુભવ જ્ઞાનરૂપી સુગંધી પ્રાપ્ત થાય છે ત્યારે સુમતિ સમ્યક્ પ્રકારની બુદ્ધિ આનંદિત થાય છે. એવી રીતે સુગંધ પૂજા કરવાથી મોહ સુભટનો નાશ કરી શકાય છે, તેમજ કેસર-ચંદન-કસ્તૂરી-ફૂલ-કપૂરનું ચૂર્ણ વિગેરે સુગંધિત પદાર્થોથી જિનવરના અંગ પુજાય છે ત્યારે ભવ્ય જીવ અપાર લાભ મેળવી શકે છે......

રાગ-જંગલો તાલ પંજાબી ઠેકો-અબ મોહે ડોંગરીયા

ચિદાનંદ ઘન અંતરજામી, અબ મોહે પાર ઉતાર-જિણંદજી
અબ મોહે પાર ઉતાર.

વાસક્ષેપસે પૂજન કરતાં, જન્મ મરણ દુઃખ ટાર—જિણંદજી;
નિજ ગુણ ગંધ સુગંધ મહકે, દહે કુમતિ મદ માર—જિણંદજી. ૧

જિન પૂજતહી અતિ મન રંગે, ભંગે ભરમ અપાર—જિણંદજી;
પુદ્ગલ સંગી દુર્ગંધ નાઠો, વરતે જયજયકાર—જિણંદજી. ૨

કુંકુમ ચંદન મૃગમદ ભેલી, કુસુમ ગંધ ઘરનાર—જિણંદજી;
જિનવર પૂજન રંગે રાચે, કુમતિ સંગ સબ છાર—જિણંદજી. ૩
વિજય દેવતા જિનવર પૂજે, જીવાભિગમ મોઝાર—જિણંદજી;
શ્રાવક તિમ જિન વાસ પૂજે, ગૃહસ્થ ધર્મનો સાર—જિણંદજી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમકિતની કરણી શુભવરણી, જિન ગણધર હિતકાર—જિણંદજી;**
**આતમ અનુભવ રંગ રંગીલા, વાસ યજનકા સાર—જિણંદજી. ૫**

## —ઢાળ ચોથીનો અર્થ—

જ્ઞાનરૂપી આનંદના સમૂહરૂપ એવા હે અંતરજામી પ્રભુજી, હવે તો મને પાર ઉતારો, હે જિનજી, હવે તો મને પાર ઉતારો. વાસક્ષેપની પૂજા કરવાથી જન્મ મરણના દુઃખ ટળી જાય છે. વળી પોતાના આત્મ-ગુણનો જે "ગંધ" તેની સુગંધી બહેકે છે, તેથી કુમતિ, અહંકાર અને કામદેવ બળી જાય છે. વળી જે ભવ્ય જીવ મનના અતિ રંગપૂર્વક જિનને પૂજે છે તેના પાર વિનાના અજ્ઞાનરૂપ ભ્રમ ભાંગી જાય છે. વળી પુદ્ગલનો સંગ કરનાર દુર્ગંધ પણ નાસી જાય છે અને જયજયકાર વર્તે છે. તેમજ કેસર, સુખડ, કસ્તૂરી, ફૂલ, સુગંધી કપૂર એ બધી વસ્તુ ભેળવીને જિનની પૂજામાં જે ભવ્ય જીવ રંગપૂર્વક રાચે છે, જિનપૂજામાં આસક્ત બની જાય છે તેને કુમતિનો સંગ રહેતો નથી અર્થાત્ ટળી જાય છે. એવી રીતે શ્રી જીવાભિગમ નામના ત્રીજા ઉપાંગ સૂત્રમાં વિજય દેવતાએ જિનેશ્વરને પૂજ્યા તેનો અધિકાર આવે છે. એવી રીતે ગૃહસ્થોને ( શ્રાવકોને ) સ્વધર્મના સારરૂપ વાસપૂજા કરવી યુક્ત છે. એવા હેતુથી શ્રાવકો દેવતાની પેઠે ગંધપૂજા કરે છે. હિતકારી તીર્થંકર પ્રભુ તથા ગણધર મહારાજે એવી પૂજારૂપ સમકિતની કરણીનું વર્ણન સારી રીતે અંગઉપાંગમાં કર્યું છે. આત્મગુણના અનુભવ રંગથી રંગાયેલા એવા હે "પૂજક આત્મા" ઉપર કહેલા વાસપૂજાનો એ જ સાર છે, એ જ તત્ત્વ છે, એ જ રહસ્ય છે, એ જ આદરણીય છે, એ જ મુક્તિનું આકર્ષણ છે, એ જ સુલક્ષ્ય છે, એ જ સ્વકર્તવ્ય છે. હે જિણંદજી, હવે તો મને સંસારસમુદ્રથી પાર ઉતાર.


**वित्तं च भूमौ पशवश्च गोष्टे,**
**भार्या गृहद्वारे जनाः स्मशाने ।**
**देहश्चितायां, परलोकमार्गे,**
**कर्मानुगो गच्छति जीव एकः ॥**

( રૂચિરા )

ધન રહેશે દાટયું જ ધરામાં રહેશે ઢોર ગમાણે રે,
નારી નિજની દ્વાર સુધી ને અન્ય સગાં સમશાને રે;
દેહ અતિ સુંદર આ તે તો ભસ્મ ચિતામાં થાશે રે,
કર્મ એક પરલોક માર્ગમાં જીવની સાથે જાશે રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મનો સ્તંભ

અનુ૦ વિ. મૂ. શાહ

**"Kill your anger before it kills you."**

**"તમારો ક્રોધ તમને મારી નાખે તે પહેલાં તમે તેને મારી નાખો."**

ક્રોધાદિ દોષોને તજીને શાન્તિ વગેરે ગુણોને ગ્રહણ કરવા તે અક્રોધ કહેવાય છે. ક્રોધ મનનો એવો વિકાર છે કે જે મનુષ્યને ધર્મમાર્ગથી ચ્યુત કરે છે.

એ તો નિશ્ચય છે કે ક્રોધનો આરંભ મૂર્ખતાની સાથે થાય છે અને તેનો અંત પશ્ચાત્તાપની સાથે થાય છે. ક્રોધની અવસ્થામાં મનુષ્યનો વિવેક ચાલ્યો જાય છે અને મનુષ્ય પોતે એવી અવસ્થા ઉત્પન્ન કરે છે કે જ્યારે તે ક્રોધના પાત્રને બદલે પોતે પોતાની ઉપર ક્રોધ કરવા લાગે છે. એટલા માટે ક્રોધ આવતાં જ મનુષ્યે પહેલાં તો તેના પરિણામોનો વિચાર કરી લેવો જોઈએ. જે વ્યક્તિ વિવેકથી પોતાના ક્રોધ પર વિજય મેળવે છે તે ઉત્તમ મનુષ્ય ગણાય છે.

ક્રોધ તો એક પ્રકારનો નશો છે. જે મનુષ્યના આભ્યન્તરને છુપાવે છે એટલું જ નહિ પણ બીજા પર પ્રકટ કરી દે છે. ક્રોધી માણસ પોતાનો આત્મ-વિકાસ સાધવામાં જ અસમર્થ છે. એટલું જ નહિ પણ પોતાના આત્માના વિનાશનું કારણ બનીને દુઃખ પામે છે.

શ્રી ભગવદ્ગીતામાં ઠીક જ કહ્યું છે કે–

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत्**

અર્થાત્ કામ, ક્રોધ અને લોભ આત્મનાશક છે તથા નરકના ત્રણ પ્રકારના દ્વાર છે. એટલા માટે મનુષ્યે એ ત્રણનો ત્યાગ કરવો જોઈએ.

ક્રોધની અસર મનુષ્યના સ્વાસ્થ્ય પર પણ ખરાબ પડે છે, શરીરની શોભા નષ્ટ થાય છે તેમજ આયુષ્ય ક્ષીણ થાય છે. ક્રોધથી પરાભૂત થયેલ સુન્દરમાં સુન્દર વ્યક્તિ પણ અસુન્દર દેખાય છે.

કામ તથા લોભની માફક ક્રોધ પણ મનુષ્યનો શત્રુ બને છે જેને લઈને મનુષ્યને અમિત્રોની સંખ્યા વધે છે અને મિત્રોની સંખ્યા ઘટતી જાય છે. પરિણામે મનુષ્યનો સામાજિક તેમજ વૈયક્તિક વિકાસ કુંઠિત થઈ જાય છે, એટલું જ નહિ પણ ક્રોધ કરનાર બીજાના અનિષ્ટનું કારણ બની જાય છે. રાવણના ક્રોધે બિભીષણના સર્વનાશની ભૂમિ તૈયાર કરી હતી. રાવણે અહંકાર, કામુકતા, પશુબલ અને ક્રોધને વશીભૂત થઈને જે આગ સળગાવી તેનાથી બચવા માટે મહાત્મા બિભીષણે સત્પ્રયત્ન કર્યો, પરંતુ રાવણે સળગાવેલી આગમાં બળીને તે નષ્ટ થઈ ગયો. વાલીએ ક્રોધ તથા અનીતિનો આશ્રય લઈને પોતાના સહોદર ભાઈ સુગ્રીવ પર જે વીતાડયું હતું તેના પરિણામ સૌ જાણે છે. જો સુગ્રીવની સાથે અન્યાય ન કર્યો હોત અને વાલીએ તેનું ઉદ્બોધન માનીને અનીતિનો માર્ગ તજી દીધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોત તો તે રામને હાથે ન મરી જાત. બિભીષણ તથા સુગ્રીવ રાવણ અને વાલીના શત્રુ નહોતા પરંતુ તે બન્નેના પશુબલ તથા ક્રોધ જ તેઓના શત્રુ હતા.

ચાડીચુગલી કરવી, બળાત્કાર કરવો, વેર રાખવું, ઈર્ષ્યા કરવી, ગુણોમાં દોષારોપણ કરવું, અધર્મયુક્ત દુષ્કૃત્યોમાં પૈસાનો વ્યય કરવો, કઠોર વચન બોલવા, અને અપરાધ વગર કડવા વચન બોલવા અથવા વિશેષ દંડ કરવો, તે આઠ દુર્ગુણ ક્રોધથી ઉત્પન્ન થાય છે.

ચાડીચુગલી કરવી, પીઠ પાછળ કોઈનું ખરાબ બોલવું કે કહેવું, કડવા વચન બોલવા–એ દુર્ગુણ વાણીનું ઝેર મનાય છે. કલ્યાણના અભિલાષીઓએ એ ઝેરથી બચવું જોઈએ. ચાડીચુગલી કરવી અથવા પીઠ પાછળ કોઈનું ખરાબ કરવું એ કાયરતા છે. જે લોકોમાં નૈતિકબળ નથી હોતું તેઓ જ આ પ્રકારના નિન્દનીય વ્યાપારમાં રત રહે છે. જેની ચુગલી કે નિન્દા કરવામાં આવે છે તેઓ જો સમજદાર હોય તો તેમની દૃષ્ટિમાં ચુગલી કે નિન્દા કરનારનું કશું મૂલ્ય જ નથી હોતું. બુદ્ધિ વગરના માણસો જ ચુગલી અથવા પરનિન્દાથી પ્રભાવિત થઈને પોતાનું અહિત કરી બેસે છે. ઈર્ષ્યા અને વેરની આગમાં બીજાને સળગાવવાને બદલે મનુષ્ય પોતે જ બળે છે અને પોતાનો વિનાશ ઉપસ્થિત કરે છે. કઠોર વચનોના પ્રયોગથી માણસ શાન્ત વ્યક્તિઓના પુન્યમાં અને પોતાના પાપમાં વૃદ્ધિ કરે છે. અમે એવી કેટલીયે વ્યક્તિઓને જાણીએ છીએ કે જેઓને પરસ્પર ઘણો જ પ્રેમ હોય છે, પણ દુર્ભાગ્યવશાત્ કોઈ બાબત પર કડવા વચનના પ્રયોગથી તેઓમાં એકબીજા વચ્ચે એવો ભેદ પડી ગયો કે તેઓમાં કદિ પણ પ્રેમ થયો જ નહિ હોય, તેથી કહેવાય છે કે તલવારના ઘા રૂઝાય છે પણ વાણીના ઘા કદિ રૂઝાતા નથી.

ક્રોધ નાનામાં નાના તેમજ મોટામાં મોટા સૌ પ્રાણીયોમાં હોય છે. કેટલાય માણસો જરા જરામાં ક્રોધ કરી બેસે છે. ઘણી વ્યક્તિઓને નાની વાતો માટે ક્રોધ નથી આવતો અને કદાચ આવે છે તો ઘણો જ થોડો. અનેક વ્યક્તિઓને ક્રોધ આવતા ઘણો વખત લાગે છે. જરા જરામાં અકારણ ગુસ્સો કરવો એ તો પામરતા–બાલિશતા છે. ક્રોધને લઈને ભયાનક રૂપ ધારણ કરવું એ પાશવતા ગણાય છે. હમેશાં ક્રોધ કરવો એ તો રાક્ષસોનો સ્વભાવ–વ્યવહાર હોય છે. નાની નાની વાતો માટે આવેશમાં આવી જવાથી ક્રોધી સ્વભાવ બની જાય છે, જેનો અંત ઘણે ભાગે કટુતા અથવા શત્રુતામાં આવે છે. વધતા જતા ક્રોધને દબાવી દેવામાં જ બુદ્ધિમત્તા તેમજ ગૌરવ રહેલા છે અને એવા માણસો જ વીર કહેવાય છે. ક્રોધને દબાવવો સારો છે અને ક્રોધને રોકવો તે એનાથી પણ સારું છે. ગુણવાન અને વીરપુરુષ ઓછા ગુણવાળા માણસ પર ક્રોધ કર્યા કરતો નથી. એવી જ વ્યક્તિઓને ઘણો ઓછો ગુસ્સો આવે છે. પ્રસન્નચિત્ત, બુદ્ધિમાન વ્યક્તિઓનો ક્રોધ વિવેકપૂર્ણ હોય છે અને તેઓને ક્રોધ આવતા ઘણો વખત લાગે છે. અને ક્રોધ આવે છે તો તે જલ્દીથી સમાપ્ત થઈ જાય છે. નિર્બુદ્ધિ અને કાયર વ્યક્તિ જ્યારે ભૂલ કરે છે અને તે ભૂલનો સ્વીકાર નથી કરતો ત્યારે તે હમેશાં આવેશમાં આવી જાય છે. તે પોતાની બુદ્ધિની ઊણપને ક્રોધદ્વારા પૂર્ણ કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે. બુદ્ધિશાળી વ્યક્તિઓને ક્રોધનો ઊભરો નીકળી ગયા પછી તે ક્ષમાનું રૂપ ધારણ કરી લે છે, પરંતુ ક્રોધ છુપાવવાથી તે ઘણે ભાગે બદલાની ભાવનામાં પરિણત થઈ જાય છે. ક્રોધને મનમાં રાખવાથી ઓછી સમજશક્તિવાળો મનુષ્ય મનમાં જ મુંઝાય છે જેનાથી તેના સ્વાસ્થ્ય પર વિઘાતક અસર પડે છે. ક્રોધને પી જવો એ તો સારું છે, પરંતુ એ કામ અત્યન્ત સમજદાર તેમજ સજ્જન પુરુષોનું હોય છે.

સુધારણા અને નિયન્ત્રણને માટે ક્રોધ આવશ્યક છે એટલું જ નહિ પણ અનિવાર્ય પણ છે. તે સ્થિતિમાં તે વિકારોથી નહિ પરંતુ ઉચ્ચ ભાવનાઓથી તથા હિતભાવનાથી પ્રેરિત અને શાસિત રહે છે. હિત-ભાવનાથી કરવામાં આવેલા ક્રોધમાં અંતર્દાહ નથી હોતો. તે જ તેની પિછાન છે. વૈર, દ્વેષ, બદલાની ભાવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજા વિકારોથી પ્રેરિત થયેલો ક્રોધ દોષપૂર્ણ બની જાય છે. હિતથી પ્રેરાયલા સકારણ ક્રોધમાં પૂર્ણ સામર્થ્ય હોવાની જરૂર છે. ત્યારે તેની ઉપાદેયતા હોય છે તેટલા માટે ક્રોધ ગુણોવડે તેજોમય બનવો જોઇએ.

ક્રોધ તો કોઈની ઉપર ન કરવો જોઇએ, પરંતુ નિર્બલ, અસહાય તથા રોગી માણસે ગુરૂજનો, વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓ ઉપર તો ક્રોધ કરવાથી હમેશાં બચવું જોઇએ. વસ્તુતઃ ક્રોધને સંપૂર્ણ નિયંત્રણમાં રાખવો જોઇએ.

વાલિવધ પછી રાજ્ય મેળવીને સુગ્રીવ ભોગવિલાસમાં નિમગ્ન બનીને સીતાજીની શોધનું કાર્ય ભૂલી ગયો. લક્ષ્મણ તેની કૃતઘ્નતા માટે શિક્ષા કરવા માટે કિષ્કિન્ધાપુરી ગયા. જ્યારે સુગ્રીવને પોતાના નોકરો પાસેથી જાણવા મળ્યું કે લક્ષ્મણે રૌદ્ર રૂપ ધારણ કર્યું છે ત્યારે એ ખૂબ ભયભીત થઇ ગયો અને લક્ષ્મણની સમક્ષ જવાનું તેણે સાહસ ન કર્યું. તેણે તારાને પોતાની પાસે બોલાવીને લક્ષ્મણનો ક્રોધ શાંત કરવાની પ્રેરણા કરી પરંતુ તે પણ લક્ષ્મણ સમક્ષ જતાં ડરી અને જ્યારે તેણે જવાની ના પાડી ત્યારે સુગ્રીવે કહ્યું કે ડરો નહિ; લક્ષ્મણ મહાન્ પુરુષ છે-તે સ્ત્રીઓ ઉપર ગુસ્સો નથી કરતો. તારા ગઇ અને તારાને જોતાં જ લક્ષ્મણનો ક્રોધ શાંત થઈ ગયો.

અનેક વ્યક્તિઓ પોતાથી નબળા માણસો ઉપર પોતાનો ગુસ્સો ઉતારે છે તે તેઓની નબળાઇ તેમજ મોટી ભૂલ છે.

સહનશીલ વ્યક્તિને ઘણો જ ઓછો અને ઘણે વખતે ક્રોધ આવે છે. એવી વ્યક્તિઓના ક્રોધથી ખૂબ સાવધાન રહેવું જોઇએ; કેમકે તે ક્રોધ ભયંકર હોવા સાથે ઘણા લાંબા સમયે શાંત થાય છે. સહનશીલતાનો દુરુપયોગ થવાથી કોઈ કોઇ વાર તે ઘણું ભયાનક સ્વરૂપ ધારણ કરે છે.

ક્રોધનો સામનો ક્રોધથી ન કરવો જોઇએ. એમ કરવાથી ક્રોધ શાંત થવાને બદલે વધે છે, ઘટતો નથી. મીઠા તેમજ કોમળ શબ્દોવડે ક્રોધ સહજમાં જ શાંત થઇ જાય છે. કહેવત છે કે કોમળ વચન પથ્થરને પણ પીગળાવી દે છે. વિલમ્બને ક્રોધનું સર્વોત્તમ ઓસડ માનવામાં આવે છે. જ્યારે માણસ પોતે ક્રોધનો શિકાર બને ત્યારે તેણે ઠંડું પાણી પીવું જોઇએ અથવા એકથી દસ સુધી ગણવા જોઇએ, તેમ છતાં જો ક્રોધ વધતો જાય તો ૧૦૦ સુધી ગણવાથી ક્રોધ શાંત થવા લાગે છે. ક્રોધથી પાગલ બનવાથી માણસે વિચાર કરવો જોઇએ કે, મારા ક્ષણભરના ક્રોધથી મારો આખો દિવસ અશાન્તિમાં પસાર થાય છે. મારું જીવન ક્ષણભંગુર છે. પરમાત્મા મારો અનિચ્છનીય વ્યવહાર જોઈ રહ્યો છે, તે મારી ઉપર રુષ્ટ થઇ જશે.

સંસારમાં લોકોના દિલ ઉપર શાંતિ તથા અક્રોધનું શાસન થયા કરે છે. શાંત તથા ચારિત્ર્યવાન લોકોને જ સુખ તેમજ આદર મળે છે. તે વ્યક્તિને ધન્ય છે કે જે ક્રોધને રોકીને શાંતિનો પ્રસાદ આપે છે. એવા મહાનુભાવોને જ મહાત્માની પદવી મળે છે. માનવ-જીવનની સફળતા અને સુંદરતા સમાજમાં ભય અને રોગ ફેલાવવા નહિ પરંતુ શાંતિ તથા આનંદની ધારા પ્રવાહિત કરવામાં રહેલા છે. જે વ્યાધિ સંસારમાં ભય, રોગ તથા અત્યાચાર ફેલાવે છે તેના નામ પર લોકો થૂંકે છે અને તે પોતાના જ પાપથી વિનષ્ટ થાય છે.

**क्रोधं मा कुरु। क्षमां कुरु।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ડૉ૦ ફ્રાવેલનર અને નયચક્ર

ભારત બહારના દર્શનશાસ્ત્રીઓમાં અગ્રસ્થાન ભોગવતા, વિએનાના પ્રોફેસર ફ્રાવેલનરનું નામ સુવિખ્યાત છે. ચીની ટિબેટન ભાષાના વિશારદ તરીકે પણ તેઓશ્રી એટલા જ સુવિખ્યાત છે.

'નયચક્ર'ના સંપાદન અંગે તેઓશ્રી સાથે પૂ. મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજને પત્ર-વ્યવહાર થયો છે, 'નયચક્ર'ના સંપાદનનું મૂલ્યાંકન સમજાવતો આ પત્ર-વ્યવહારનો થોડો ભાગ અત્રે રજૂ કરવામાં આવે છે.

Vienna, 28th December 1956.

TO MUNI SRI JAMBUVIJAYAJI MAHARAJ,

*I thank you so much for sending me some proof-sheets of your notes on Mallavadin's Nayacakrah. They were very interesting for me as I spent a lot of time on this work lately. I am convinced that the Jaina philosophy has not found yet the appreciation it deserves, as the really important philosophical writings are not made known to this very day to a wider public. And the Nayacakrah of Mallavadi is certainly one of these works. Mallavadi is an original thinker of high rank and the commentary of Simhasurih contains a lot of material valuable for the history of Indian philosophy of the classical period. Unfortunately the editions which so far have appeared in print are unsatisfactory, the edition of Muni sri Cyturvitayaji in the Gaekwad Oriental Series as well as that of Vijayalabdhi Suri in the Labdhisurishwar Jain Granthamala. Therefore I was very pleased to learn that you are preparing a new edition of this work. As far as I see, your notes in the proof-sheets correspond to pp. 76–105 of the edition in the Gaekwad Series. May I add a few remarks on the Buddhist fragments. The sentence Caksurvijnanasamgi nilam vijanati* [**चक्षुर्विज्ञानसमङ्गी नीलं विजानाति**] *etc. is taken from the Vijñānakāyah, Taisho Issaikyo No. 1539, p. 559 b 27 Ss. The source of the sentence sancitalambanāh pancavijnānakāyāh* [**सञ्चितालम्बनाः पञ्च विज्ञानकायाः**] *is not known to me, but a similar sentence recurs in Vasubandhu's Abhidharmakosabhāsyam 1 on verse 44 (samcitāsrayālambanatvāt pancavijnānakāyānām). A number of quotations is taken from Dignaga's Pramānasamuccayah. I have also*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*written a short review on the two editions mentioned above which will appear in the journal of our institute, and it will be a pleasure for me to send you a copy as soon as it comes from the printer's.*

Very Sincerely yours

**E. Frauwalner**

વીએના ( ઓસ્ટ્રીયા )

૨૮-૧૨-૧૯૫૬

મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ

મલ્લવાદિના **'નયચક્ર'** ઉપરની આપની નોંધના આપશ્રીએ મને કેટલાક પ્રૂફ-શીટ મોકલ્યા એ માટે આપનો અત્યંત આભારી છું. મેં હમણાં હમણાં તેના ઉપર ઘણો સમય ગાળ્યો હોવાથી મને તે ખૂબ જ રસપ્રદ થઇ પડેલ છે. મને ખાતરી થઇ છે કે જૈન દર્શનનું જેટલું જોઇએ તેટલું મૂલ્યાંકન હજુ સુધી થયું નથી કેમકે ખરેખર ઉપયોગી ગ્રંથો અદ્યાપિપર્યંત વિશાળ જનસમુદાય આગળ મૂકવામાં આવ્યા નથી. ખરેખર 'નયચક્ર' એક આવી જ ઉત્તમ કોટિનો ગ્રંથ છે.

મલ્લવાદિ ઊંચા દરજ્જાના મૌલિક ચિંતક છે અને શ્રી સિંહસૂરિની ટીકા પ્રાચીન ભારતના તત્ત્વજ્ઞાનના ઇતિહાસ માટે કિંમતી વસ્તુ પૂરી પાડે છે. કમનસીબે અત્યાર સુધીમાં છપાઇને પ્રસિદ્ધ થયેલી આવૃત્તિઓ અસંતોષકારક છે-ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝમાં મુનિશ્રી ચતુરવિજયજીની આવૃત્તિ તેમજ લબ્ધિસૂરીશ્વર ગ્રંથમાળામાં વિજયલબ્ધિસૂરિની આવૃત્તિ-તેથી આપશ્રી સદરહુ ગ્રંથની નવી આવૃત્તિ તૈયાર કરી રહ્યા છો તે જાણી મને ખૂબ જ આનંદ થયો છે. હું પ્રૂફ-શીટસમાં જોઈ શક્યો છું કે આપની નોંધ (ટિપ્પણ) ગાયકવાડ સિરીઝની આવૃત્તિના પૃષ્ઠ ૭૬-૧૦૫ને મળતી આવે છે. બૌદ્ધ ફકરાઓ ઉપર હું થોડી ટીકા ઉમેરવા રજા લઉં છું.

**'चक्षुर्विज्ञानसमङ्गी नीलं विजानाति' विज्ञानकाय :** નં-૧૫૩૯, પૃષ્ઠ ૫૫૯ થી રજમાં લેવામાં આવેલ છે.

**'संचितालम्बना: पञ्च विज्ञानकाया:'** ના મૂળની મને ખબર નથી, પરંતુ તેવું જ એક વાક્ય વસુબંધુના અભિધર્મકોશભાષ્યના ૪૪માં શ્લોકમાં આવે છે. ઘણા અવતરણો દિગ્નાગના પ્રમાણ સમુચ્ચયમાંથી લેવામાં આવેલ છે.

ઉપરોક્ત બન્ને આવૃત્તિ ઉપર મેં પણ ટૂંકી સમાલોચના લખેલી છે જે અમારા ઈન્સ્ટીટ્યુટના જર્નલમાં પ્રકટ કરવામાં આવશે અને તે છપાઇને બહાર પડશે કે તરત જ આપને તેની નકલ મોકલતાં મને આનંદ થશે.

આપનો

ઇ. ફ્રાવેલ્નર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B.431

# અ....મૃ....ત....ઝ....રો

આજે સવારે, આ સામે બેઠેલી સ્ત્રીને જોઈ ત્યારે, વિચાર આવેલો-આ સ્ત્રી શાને આધારે જીવતી હશે? નિર્ધનતા અને ગરીબીની ખીણમાં ઊંડી ઉતરી ગયેલ એની આંખમાં આ કઇ આનંદજ્યોતનો પ્રકાશ ચમકી રહ્યો છે?

એનો ઉત્તર અત્યારે મધ્યાહ્નને મળે છે. બપોરનો સમય છે, સુખી માણસો આરામ કરી રહ્યા છે, ધૂળના ગોટા સાથે ચીડિયો તાપ જાણે કલહ કરી રહ્યો છે. આ ગામડાંની શેરીમાં સર્વત્ર શૂન્યતા અને શુષ્કતા વ્યાપી રહી છે.

પેલી સ્ત્રી પોતાનાં તૂટી ગયેલ અને હમણાં પડું પડું થતાં છાપરાવાળી હાટડીમાં બેઠી છે. હાટડીમાં માલ ભરેલો છે. હા, માલ-થોડાં તુરીયા, થોડા આરીયા, થોડા સુકાઇ જવા આવેલો કરડો ભીંડો અને બે પાંચ તરબુચ. કાછીયણનો આ માલ અને આ માલ ઉપર પણ હવે તો ધૂળનો પાતળો થર જામ્યો છે:

એ બેઠી છે પણ કો'કની સામે ચાળા કરી રહી છે આંખો રમાડે છે, હાથ પહોળા કરી વહાલથી કો'કને બોલાવે છે. એ હસે છે અને એના બેસી ગયેલા ગાલ વધારે ઊંડા ઉતરી જાય છે. રણ જેવા આ સૂકા વાતાવરણમાં પણ જાણે કોઇ નંદનવનના રમ્ય સરોવરનું સહસ્ર પાંખડીયું મનોહર કમળ જોતી હોય એવા પ્રમોદથી એ કાંઇ અવલોકી રહી છે.

મને આશ્ચર્ય થયું: રે, આના ઊર્મિતંત્રને હલાવી મૂકે એવી અહીં કઈ વસ્તુ છે! એ જ્યાં જોઇ રહી હતી ત્યાં મારી નજર ગઈ. ફાટલી ગોદડી ઉપર એક હસમુખું બાળક પોઢયું છે. ફૂલ જેવું એ નિર્દોષ બાળક પોતાની આ ગરીબ માતાના શુષ્ક જીવન પર પ્રેમની અણમોલ ધારા વર્ષાવી, એના જીવનને આર્દ્ર બનાવી રહ્યું છે. આ હસતા બાળને, એ વધારે ન જોઇ શકી, એ દોડી. બાળકને ઉંચક્યું અને પોતાની છાતી સરસું ચાંપતા એણે કહ્યું: "ઓ મારા ફૂલ!"

કલહ અને સંતાપ ભરેલા આ જીવનવનમાં પણ માણસ ઝઝૂમતો જીવે છે; કારણ કે એના જીવનના કોઈ અજાણ્યા ખૂણામાં, પ્રેમનો આવો કોઇ અમૃત ઝરો છૂપો છૂપો વહેતો હોય છે!

—ચંદ્રપ્રભસાગર

મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ- આનંદ પ્રા. પ્રેસ-ભાવનગર

For Private And Personal Use Only